



ડીસા શહેરના મધ્યમાં આવેલ વોર્ડ નંબર ૬માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોકમાં તથા આજુબાજુ સામાન્ય વરસાદ વરસતા જ આ વિસ્તારમાં તળાવની જેમ પાણી ભરાઈ જાય છે અને તેને કારણે આજુબાજુના રહીશો વેપારીઓ તેમજ સ્કૂલે જતાં નાના ભૂલકાઓ, વિદ્યાર્થીઓ અને વૃદ્ધો ખૂબ જ હેરાન થાય છે. આ વિસ્તારમાં ભૂગર્ભ ગટરમાં પાણી નિકાલ માટે બનાવેલ ટાંકીઓ પણ લેવલીંગ વગરની હોવાથી પાણી પણ જઈ શકતુ નથી તેમજ આ વિસ્તારમાંથી પસાર થતી ડીસા શહેરની મુખ્ય ગટર ખુલ્લી હોવાથી બજારના નાસ્તાની લારીઓવાળા તેનો કચરો આ ગટરમાં ફેંકે છે જેના લીધે ભયંકર દુર્ગંધ ફેલાય છે તેમજ મચ્છરોનો વ્યાપક પ્રમાણમાં ઉપદ્રવ વધી જવાને કારણે ભયંકર રોગચાળો ફેલાવાની દહેશત વચ્ચે આજુબાજુના રહીશોને રહેવું મુશ્કેલ બની ગયું છે. આ ખુલ્લી ગટર ઉપરથી સ્કૂલ જતા નાના ભૂલકાઓ ચોમાસામાં કોઈ મોટા અકસ્માતનો ભોગ ન બને તે માટે અગાઉ નગરપાલિકા ખાતે આ વિસ્તારનાં વેપારીઓ રહીશો દ્વારા પત્ર તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં પણ કોઈ જ પ્રકારની નગરપાલિકા દ્વારા તસ્દી લેવામાં આવી નથી. ડીસા નગરપાલિકાએ પાલિકા દ્વારા ચાલુ રહેલી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરીને પગલે સર્જાયેલી ગંદકીના ત્વરીત નિકાલ માટે આધુનિક સાધનો ગુજરાત સરકારની સહાયથી વસાવ્યા છે તે કેટલા ઉપયોગી નીવડે છે તે જોવું રહ્યું ?

# મોડાસામાં એક ઈંચ વરસાદથી કૃષ્ણાપ્રિય ચાર્ય સોસાયટીમાં જળબંબાકાર, રોડ પર પાણી ભરાયા





મોડાસા, તા. ૨૫
અરવલ્લી જીલ્લામાં લો પ્રેસર સર્જાતા અરવલ્લી જીલ્લામાં બે દિવસ થી વરસાદ મંગળવારે પરોઢિયે ગાજવીજ સાથે મોડાસા શહેર સહીત જીલ્લાના અન્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે એક ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા વરસાદી ઝાપટું પડતાની સાથે વીજળી ડૂલ થતા વારંવાર વીજળી ડૂલથી પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે.

મેઘરાજાએ સતત બીજા દિવસે હેત વરસાવતા સાર્વત્રિક વરસાદ થયો હતો મોડાસા શહેરની મેઘરજ રોડ પર આવેલી કૃષ્ણાપ્રિય ચાર્ય સોસાયટીમાં એક ઈંચ વરસાદ ખાબકતા વરસાદી પાણીનો કાયમી નિકાલ ન હોવાથી તળાવ માં ફેરવાતા સોસાયટીના રહીશોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ઢીંચણ સમા પાણી ભરાતા બાળકો અભ્યાસ થી વંચિત રહ્યા હતા પારસ સોસાયટીના નીચાણવાળા વિસ્તારના રોડ પર પાણી ભરાતા રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પશ્ચિમ બંગાળની ખાડીમાં ઝાપટા રૂપી પડતા અસહ્ય બફારા અને ગરમીથી પ્રજાજનોને રાહત અનુભવી હતી વાયુ વાવાઝોડાની અસર અને સતત બે દિવસ થી મેઘરાજાની પધરામણીથી ખેડૂતો ખેતી કામમાં જોતરાતા ખેતરોના સીમાડા ધમધમી ઉઠ્યા હતા



## અંબાજી-૮ નંબર વિસ્તારના રોડની ભારે દુર્દશા

ગુજરાતના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી ની ગણના દેશભરમાં થઈ રહી છે આ ધામ ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર આવેલું છે આ ધામમાં જેટલા ગોટાળો થાય છે તેટલા ક્યાંય થતા નથી, અંબાજીમાં હાલમાં નવા બનેલા તમામ રોડમાં ભયંકર ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે, શક્તિ ધારામાં બનેલા રોડમાં પણ અંબાજી પંચાયતને નોટિસ ફાળવવામાં આવી હતી, હાલમાં અંબાજીમાં જે રોડ બન્યા છે તે તમામ રોડના કામોની ગુણવત્તામાં ભારે પોલમપોલ કરવામાં આવ્યું છે, આજ કારણે અંબાજીના સૌથી મોટા ૮ નંબર વિસ્તારના રોડ ની કામગીરી ખોરંભે ચડી છે. અંબાજીના ગ્રામ પંચાયતમાં ૨ ભાગ પડી ગયા છે,પંચાયતમાં સભ્યો સભ્યોની ટાટીયા ખેચ માં અંબાજી ગામનો વિકાસ અટકી ગયો છે અને આ કારણે જ અંબાજીના સારા કામોમાં વિઘ્ન થઈ રહ્યા છે અંબાજીના આઠ નંબર વિસ્તારમાં રોડની કામગીરી ઘણા દિવસથી બંધ પડી છે અને આ કારણે આઠ નંબરના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# બનાસકાંઠામાં વ્યાજખોરો બેફામ

### સહીવાળા કોરા ચેકનું કારસ્તાન : છ મહિનામાં મૂડી વસુલ પણ વ્યાજનું વિષચક્ર ચાલુ : સંજોગોનો શિકાર બનેલા મજબૂરને મરવાનો વારો

ડીસા, તા. ૨૫
ડીસા- લાખણી સહિત બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ડાયરીના રૂપકડા નામે વ્યાજખોરીનો બે નંબરી ધંધો ધમધોકાર ધમધમી રહ્યો છે જેમાં સપડાયેલા અનેક પરિવારો પાયમાલ થવા સાથે કેટલાય લોકો કમોતે મર્યા છે તેમ છતાં રાજકીય અને પોલીસનું પીઠબળ ધરાવતા વ્યાજખોરોનો વાળ પણ વાંકો થતો નથી તેથી ફાટીને ધુમાડે ગયેલા વ્યાજખોરો બેફામ બની ગયા છે.

સરહદી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી મંદી પ્રવર્તે છે વરસાદની અનિયમિતતા અને ભાવ ન મળતા ખેડૂતો દેવામાં ડૂબેલા છે તો મોંઘવારીએ અમપ્રજાની કમ્મર તોડી નાખી છે તેમાં પણ નોટબંધીએ વેપારીઓને પણ લાચાર કરી દીધા છે તેથી ઘરના ગુજરાન સાથે સામાજિક વ્યવહારો સાચવવા લોઢાના ચણા ચાવવા સમાન થઈ પડ્યા છે આ વિકટ પરિસ્થિતિમાં સંજોગોને આધીન ઘણા લોકોને દેવું કરીને પણ મોઢું લાલ રાખવાની ફરજ પડી છે ત્યારે આવા મજબૂર લોકોની મજબૂરીનો લાભ ઉઠાવવા ડાયરીના નામે ધીરધાર કરતા લોકોનો રાફડો ફાટ્યો છે વગર મજૂરીએ માતબર વળતર આપતા આ ગેરકાયદેસરના ધંધામાં અસામાજિક તત્વોએ પણ ઝમ્પલાવ્યું છે જેઓ લોકોની ગરજ અને મજબૂરીનો પુરેપુરો ફાયદો ઉઠાવી જમીન કે મિલકતના બાના ખત અને દાગીના કે વાહનો તારણમાં લે છે ઉપરથી સહી વાળા કોરા ચેક પણ લે છે એટલું જ નહીં, મહિનાનું મનસ્વીપણે ૧૦ થી ૪૦ ટકા વ્યાજ ગણી વ્યાજનો એક હપ્તો કાપીને રકમ આપે છે તેમાં પણ વ્યક્તિની ગરજ મુજબ દૈનિક પ્રમાણે પણ વ્યાજ વસુલાતું હોય છે જે વ્યાજના પહાડને ભેદવો અશક્ય છે કારણ ઊંચા વ્યાજના કારણે લીધેલી રકમ એટલે કે મૂડી માત્ર છ મહિનામાં ભરપાઈ થઈ જાય છે તેમ છતાં વ્યાજના કારણે મૂડી ઊભીને ઉભી રહે છે. તો પણ વ્યાજ ચુકવવામાં થોડું આઘુ પાછું થાય તો પઠાણી ઉઘરાણી અને ધાક ધમકીનો દૌર શરૂ થઈ જાય છે તેમાં પણ તારણમાં મુકેલી વસ્તુઓ અને કોરા ચેકની તલવાર માથા ઉપર ઝળુંબી રહી હોય છે જેનું માનસિક ટેન્સન અને હતાશા જ તેને અધમુવો કરી નાખે છે તેથી વ્યાજના વિષ ચક્રમાં ફસાયેલો વ્યક્તિ અને તેનું પરિવાર બરબાદ થઈ જાય છે આખરે તેને કમોતે મરવાનો વારો આવે છે અનેક આશાસ્પદ માનવ જીન્દગીઓ અકાળે મુરઝાતી હોવાના અહેવાલો આયે દિન મીડિયામાં ચમકતા રહે છે જેના કારણે હોબાળો થાય છે પરંતુ રાજકિય દબાણ અને પોલીસની ઢીલી નીતિથી ભીનું સંકેલાઈ જાય છે તેથી વધુ એક માનવ જિંદગી અકાળે કાળના ખપ્પરમાં હોમાય છે જેના કારણે વ્યાજખોરો બેખોફ અને બેલગામ બની ગયા છે ત્યારે માનવીય અભિગમ દાખવીને પણ જિલ્લા પોલીસ વડા આ બાબતે તટસ્થ તપાસ કરાવી કસુરવારોને દાખલરૂપ સજા ફટકારી વર્ષોથી ગેરકાયદેસર ચાલતા ગોરખધંધાને બંધ કરાવે તેવી આમ પ્રજાની લાગણી સાથે માંગણી છે.



## મોડાસા શહેરમાં પોલીસતંત્રની ફ્લેગ માર્ચ

આગામી અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા સમગ્ર દેશમાં યોજાવાની છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ તેની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ભગવાન જગન્નાથજીની યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં નિકળે તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજાઇ હતી, જેમાં પોલીસનો સ્ટાફ જોડાયો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસા, ધનસુરા, બાયડ, શામળાજી સહિતના વિસ્તારોમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાઓ યોજાય છે ત્યારે રથયાત્રા દરમિયાન ભાઈ-ચારો અને શાંતિ સુલેહ જળવાય તે માટે પોલીસતંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મોડાસા શહેરમાં રથયાત્રા ભગવાન બાલક નાથજીના મંદિરેથી નિકળીને શહેરના વિવિધ વિસ્તારોમાં ફરે છે ત્યારે રથયાત્રાના રૂટ પર પોલિસ દ્વારા ફ્લેગ માર્ચ યોજી રથયાત્રા રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પોલિસ ફ્લેગમાર્ચમાં મોડાસા ટાઉન પોલીસ, ટ્રાફિક પોલીસ તેમજ જિલ્લા એલસીબી પોલીસે સંયુક્ત ફ્લેગ માર્ચ યોજી હતી.

## સમતા વિદ્યા વિહાર સ્કૂલમાં ઠંડા પાણીનું કૂલર ભેટ અપાયું

ધાણધાર વણકર સેવા સંગઠન તરફથી બનાસકાંઠા જિલ્લા વણકર સમાજ કેળવણી મંડળ સમતા વિદ્યા વિહાર સંકુલ પાલનપુરના વિદ્યાર્થીઓ માટે ઠંડા પાણીનું કુલર ભેટ આપવામાં આવ્યું હતુ. સમાજના આગેવાનો તેમજ ધાણધાર વણકર સેવા સંગઠનની ટીમ હાજર રહી હતી અને આવનાર સમયમાં પણ સમાજની સેવા કરવા માટે સંગઠન હંમેશા તૈયાર રહેશે. આગેવાનો દ્વારા ધાણધાર વણકર સેવા સંગઠનને આવું સેવાનુ કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.




## યાત્રાધામ અંબાજીમાં એબીવીપી દ્વારા પોસ્ટર વિમોચન અભિયાન હાથ ધરાયુ

અખિલ ભારતીય વિધાર્થી પરિષદ અંબાજી શાખા દ્વારા મંગળવારના રોજ અંબાજી કૉલેજ ની બહાર અને અંબાજી હાઈ સ્કૂલ ની બહાર અને સંસ્કૃત પાઠશાળા ની બહાર પોસ્ટર લાગડવામાં આવ્યા હતા. આ અભિયાન માં અંબાજી શાખા ના કાર્યકર્તા દ્વારા ઉપસ્થિત રહી પોસ્ટર વિમોચનમાં સહભાગી થયા હતા. જેમાં કાર્યકર્તાઓ ના મારફતે એબીવીપી નો સંદેશો વિધાર્થીઓ સુધી પહોંચતો કરી વિધાર્થી પરિષદમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો. અને એબીવીપી ના સંગઠન માં વધુ વિધાર્થી ઓ જોડાઈ વિધાર્થીઓ અને રાષ્ટ્ર ને ઉપયોગી બને તે હેતુ થી પોસ્ટર વિમોચન કરવામાં આવ્યું હતું.

### અરવલ્લી પોલીસતંત્રને ઉંઘતુ રાખી સ્ટેટ મોનીટરીંગ સેલે

# ભિલોડાના રીંટોડા ગામે દરોડો : રહેણાંક મકાનમાંથી ૩.૩૨ લાખનો દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૨૫
અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે જીલ્લા પોલીસતંત્ર સબ ઝડપવામાં નિષ્ફળ રહેલી પોલીસે પાતાળ માંથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો ભિલોડા પોલીસે રીંટોડા ગામે રાત્રીના સુમારે





સલામતના દાવા કરી રાજ્ય પોલીસવડા ને ઉલ્ટા ચશ્માં પહેરાવવામાં નિષ્ફળ પ્રયાસ રહી હોય તેમ સ્ટેટ મોનેટરીંગ સેલે જીલ્લા પોલીસતંત્ર અને ભિલોડા પોલીસતંત્રને લપડાક લગાવી રીંટોડા ગામે નામચીન ઈશ્વર ગોબર વણઝારા નામના બુટલેગરના રહેણાંક મકાનમાંથી ૩.૩૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો.

સ્ટેટ મોનિટરિંગના દરોડા પછી ફાંફાળી બનેલી ભિલોડા પોલીસે ખુલ્લામાં રહેલો દારૂ ત્રાટકી શ્રવણ દેમાજી વણઝારાના નવીન મકાનની બાજુમાં જમીનમાં સંતાડી રાખેલી વિદેશી દારૂની બોટલ-૯૭ કીં.રૂ.૩૩૩૩૦/- અને ધોલવાણી ત્રણ રસ્તા પાસે આવેલી સમ્રાટ હોટલ પાછળ રમેશ ગોબરભાઈ વણઝારાએ વેચાણ અર્થે લાવી સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૦ કીં.રૂ.૬૭૬૦૦/- નો દારૂ જપ્ત કર્યો હતો બંને બુટલેગરો પોલીસને થાપ આપી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલે બાતમીના આધારે રીંટોડા ગામે ભિલોડા તાલુકાના રીંટોડા ગામે વણઝારા વાસમાં ત્રાટકી ઈશ્વર ગોબરભાઈ વણઝારાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર સંતાડીને રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૧૧૨૬ કીં.રૂ.૩૩૨૯૦૦/- નો જથ્થો જપ્ત કરી ભિલોડા પોલીસ સ્ટેશનમાં સ્ટેટ મોનીટરીંગ સેલના હેડ.કો.નરવતસિંહ શ્રવણભાઈ (બ.નં-૮૯૬) ની ફરિયાદના આધારે ભિલોડા પોલીસે ઈશ્વરભાઈ ગોબરભાઈ વણઝારા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### શામળાજી પોલીસે ૮ કલાકમાં

# ત્રણ ટ્રકમાંથી ૪૧.૭૦ લાખનો વિદેશી દારૂ ઝડપી સપાટો બોલાવ્યો

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર સતત પેટ્રોલિંગ અને રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરી ૧૨ કલાકના ટૂંકા સમય ગાળામાં ત્રણ ટ્રકમાંથી રૂ.૪૧.૭૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ૬૮ લાખનો પ્રોહી મુદ્દામાલ જપ્ત કરી ૪ શખ્શોને ઝડપી પાડી વિદેશી દારૂની હેરાફેરીમાં અને મદદગારી




કરનાર શખ્શો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી વડોદરાના જુબેર, ડાકોરના કાંતિ ઉર્ફે રાજુ અને અન્ય એક અજાણ્યા બુટલેગરે મંગાવેલ વિદેશીદારૂ શામળાજી પોલીસે ઝડપી પાડતા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો

અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા સેફ હેવન માનવામાં આવે છે શામળાજી પોલીસ સ્ટેશન પી.એસ.આઈ કેતન વ્યાસ અને તેમની ટીમે મંગળવારે ચેકપોસ્ટ નજીકના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથધરી ત્રણ ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી પાડતા વિદેશી દારૂ ક્યાં રાખવો તેની મૂંઝવણમાં મુકાવવું પડ્યું હતું. અણસોલ ગામની સીમમાંથી વડોદરાના જુબેર નામના બુટલેગરે મંગાવેલ વિદેશી દારૂ બુટલેગર પાસે પહોંચે તે પહેલા શામળાજી પોલીસે મીની ટ્રકમાં ભરેલી વિદેશી દારૂની ૧૭૪ પેટી બોટલ ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજમાં વીજપ્રવાહની બિનઅધિકૃત રીતે ચોરી કરનાર ખેડૂતો સામે ફરીયાદ

### રેન્જ ઓવર સ્વીચનો ઉપયોગ કરી વીજચોરી કરી રીપેરીંગ માટે ગયેલ હેલ્પર ને જીવ લેણ ઇજાઓ પહોચાડી : પ્રાંતિજ નાયબ ઇજનેર દ્વારા ખેડૂત વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ

પ્રાંતિજ તા. ૨૫
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ખેડૂત દ્વારા બિન અધિકૃત રીતે વીજ પ્રવાહ નો ઉપયોગ કરી રીપેરીંગ માટે આવેલ હેલ્પર ને વિજકરટ લાગ્યો તો હેલ્પર ને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો તો વિજ પ્રવાહ બંધ હોવાછતાં બીજ કરંટ કેવી રીતે લાગ્યો તે તપાસ કરાતા આંખોએ ભાંડો ફુટ્યો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉમાધામ પાસે આવેલ ખેતરોમાં ખેતર માલિક જીગરકુમાર સનતભાઈ પંડયા રહે. ઉમાધામ ખેતરોમાં તેવોના ખેતી માટે લીધેલ વીજ જોડાણ ઝીઝવા ફીડરનું કાયદેસરનું તથા સલામ ફીડરનું બિન અધિકૃત રીતે લીધુ હતું તો સલાલ ફીડર અને ઝીઝવા ફિડરના પાવર મેળવવા રેન્જ ઓવર સ્વીચનો ઉપયોગ કરતા તો તેમની ચેન્જ ઓવર સ્વીચ ખામી યુવક હોવાથી ઝીઝવા ફીડરનો પાવર સલાલ ફીડરની લાઈન મા વહન થતાં પામેલ જેથી સલાલના ઈલેકટ્રીકલ આસીસ્ટન્ટ ગીરીશભાઈ વસંતભાઈ વણકર પ્રાંતિજ સબ સ્ટેશનમાં આવેલ સલાલ ખેતીવાડી ફીડરની કોસ ફાઉન્ટ્રીની જરૂરી લાઈન કલીયર લઈને અર્થીગ કરી કામ કરી રહેલ હતાં તે સમયે તેઓને અચાનક વીજ આંચકો લાગતાં તેવો જમીન પર નીચે પટકાતા તેવોને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં તો લાઈન કલીયર લઈને અર્થીગ કરી કામ કરી રહેલ સલાલના હેલ્પરને વીજ કરંટ કયાંથી લાગ્યો તેની તપાસ પ્રાંતિજ એન્જીનીયર હેમંત મધુસુદન પાઠક દ્વારા કરવામાં આવતા ખેડૂત દ્વારા તેના ફાર્મ હાઉસમાં ઝીઝવાનો કાયદેસર ગ્રાહક વીજજોડાણ નંબર ૨૩૪૦૧/૨૧૫૫૧/૫ તથા સલાલ૨૩૪૦૧/૪૯૦૩/૮મા બિનઅધિકૃત જોડાણ લઈને ચેન્જ ઓવર સ્વીચનો ઉપયોગ કરતા તેમણી ચેન્જ ઓવર સ્વીચ ચેક કરતાં સ્વીચ ખામી યુવક જણાવેલ જેથી ઝીઝવા ફીડરનો પાવર સલાલ ફીડરની લાઇનમાં વહન થતાં હેલ્પરને તા.૨૪-૬-૨૦૧૯ના રોજ વિજકરટ લાગવાની ધટના બની હતી અને ગીરીશભાઈ વસંતભાઈ વણકરને વિજકરટ લાગતાં તેવો સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં તો પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જીઇબી એન્જીનીયર હેમંત મધુસુદન પાઠક દ્વારા ખેડૂત જીગરકુમાર સનતભાઈ પંડયા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૩૭ મુજબ ગુનોનોધી આગળ ની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે. એસ. ચાવડા દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે વિજકંપની દ્વારા દંડ સહિત શું એક્શન લેવામાં આવશે એતો હવે જોવુ રહ્યું.